


♦જોડણી♦

આ ઈ.બુક સાર્થ જોડણીમાં જ છે; એમાં માત્ર એક જ ‘ઈ’–‘ઉ’ વાપર્યા છે.



## સ્વામી દયાનંદ સરસ્વતી

અજ્ઞાની લોક વૈદિક શાસ્ત્ર અથવા પદાર્થ વિદ્યા ભણાવા-સાંભળવા અને તેના વિચારથી રહિત હોવાને લીધે સન્નિપાત જ્વરાદિ શારીરિક અને ઉન્માદાદિ માનસરોગોનું નામ ભૂત-પ્રેતાદિ રાખે છે. તેનું ઔષધ સેવન અને આદિ ઉચિત વ્યવહાર ન કરી દોરા, ચિઠ્ઠી, ધાગા, આદિ, મિથ્યા, મન્ત્ર-યન્ત્ર બાંધતા-બંધાવતા ફરે છે, પોતાના ધનનો નાશ, સંતાન આદિની દુર્દશા અને રોગોને વધારીને દુઃખી કરતા ફરે છે.

જેવી આ પૃથ્વી જડ છે, તેવા જ સૂર્યાદિ લોક છે. તે તાપ અને પ્રકાશાદિથી ભિન્ન કશું પણ કરી શકતા નથી, શું એ ચેતન છે કે તે ક્રોધિત થઇને દુઃખ અને શાન્ત થઇને સુખ આપી શકે ?

એમા (જયોતિષશાસ્ત્રમાં) જે અંક,બીજ, રેખાગણિત વિદ્યા છે, તે સર્વ સત્ય અને જે ફળની લીલા છે તે સર્વ જૂઠી છે.

(સત્યાર્થ પ્રકાશ દ્વિતીય સમુલ્લાસ)

(A page for eBook)

eBook : 'Dukh NivaaraNanaa Bhraamak Upaayo'

By Nathubhai Dodiya

© જનતા જનાર્દન

●ઈ.બુક મુલ્ય : નીઃશુલ્ક (મફ્ફત લહાણી)●

●લેખક●

**નાથુભાઈ ડોડીયા**

'સીદ્ધાર્થ', મન્દીરવાળી ગલીમાં, જ્યોતીનગર, ગોદાવરી પાર્ક પાસે,

મક્તમપુર–ઝાડેશ્વર રોડ, ભરુચ – 392 001

સમ્પર્ક : (02642) 225671 મોબાઈલ : 99988 07256

●ઈ.બુક પ્રકાશક●

મણી મારુ,

405, સરગમ એપાર્ટમેન્ટ, કૃષી યુનીવર્સીટી સામે, નવસારી.

પોસ્ટ : એરુ એ. સી. – 396450 સેલફોન : 9537 88 00 66

ઈ.મેઈલ : govindmaru@gmail.com

●માર્ગદર્શન અને પ્રુફવાચન●

ઉત્તમ ગજ્જર

ગુરુનગર, વરાછા રોડ, સુરત- 395 006

ફોન : 0261-255 3591 ઈ.મેઈલ : uttamgajjar@gmail.com

♦ઈ.બુક અક્ષરાંકન♦

ગોવીન્દ મારુ ‘અભીવ્યક્તી’

સેલફોન : 9537 88 00 66

ઈ.મેઈલ : govindmaru@gmail.com

# આ ઈ.બુકનું સૌજન્ય



## રેખાબહેન મારુ

(બીલીમોરા)

તરફથી...

|| ओ३म् ||

# દુ:ખ નીવારણના ભ્રામક ઉપાયો

દરેક મનુષ્યના જીવનમાં સુખ અને દુ:ખ બન્ને દૃષ્ટીગોચર થાય છે. તેને સુખ પ્રાપ્તીની ઈચ્છા અને દુ:ખ પ્રત્યે દ્વેષ હોય છે. આ દુ:ખ દુર કરવા અને સુખ પ્રાપ્ત કરવા એ જ્ઞાનપુર્વક પ્રયત્ન કરે છે. એટલે કે દુ:ખ પ્રાપ્તીનું કારણ શોધી તેને દુર કરવાના ઉપાય કરે છે. આજે મોટે ભાગે શીક્ષીત અને પૈસાદાર મનુષ્યો અભીલાષા રાખે છે કે કોઈ પણ ખર્ચે જીવનમાંથી દુ:ખ દુર થઈ સુખ પ્રાપ્ત થવું જોઈએ. વીશેષમાં શારીરીક, આર્થીક કે સામાજીક દુ:ખોથી સતત પીડાતા લોકો પોતાના દુ:ખના નીવારણ માટે જ્યોતીષો અને કર્મકાંડ કરાવનારને શરણે જાય છે, અને તેઓ દુ:ખનું કારણ ગ્રહો અને પીતૃઓનું નડતર બતાવી તે દુર કરવાનો વીધી બતાવે છે. આ વીધીમાં સારો એવો ખર્ચ કરી દુ:ખ દુર કરવા પ્રયત્ન કરે છે. જ્યારે મનુષ્યને દુ:ખ દુર થવાનો આભાસ ઉભો થાય છે અથવા દુ:ખનો સમયપુરો થવાથી દુ:ખ દુર થઈ સુખ પ્રાપ્ત થાય છે ત્યારે જ્યોતીષીઓ કે કર્મકાંડ કરાવનાર તેને પોતાની વીદ્યાની સફળતા બતાવે છે. પણ જ્યારે તેઓ આમાં નીષ્ફળ જાય છે ત્યારે કહે છે કે અમે તો અમારી શક્તી મુજબ પ્રયત્નો કર્યા પણ ઈશ્વરની ન્યાયવ્યવસ્થા, કર્મના અટલ સીદ્ધાન્ત અથવા તમારા

નસીબમાં આ દુ:ખ ભોગવવાનું જ લખાયેલ હશે તેથી તેનું નીવારણ થયું નથી.

આ સન્દર્ભમાં નીચે થોડાક મુદ્દાઓ રજુ કરવામાં આવે છે તેને ધર્મગ્રંથો, તર્ક, વીવેકબુદ્ધી અને વૈજ્ઞાનીક અભીગમના આધારે ચકાસી ફલીત જ્યોતીષ અને પીતૃદોષ નીવારણ અંગે કરવામાં આવતો વીધી કેટલો વાજબી છે તેનો સ્વયં નીર્ણય કરવા વીનન્તી છે :

**(1)** જ્યોતીષ શાસ્ત્રમાં જે નવ ગ્રહોનો ઉલ્લેખ છે, એમાં ચાર તો ગ્રહ જ નથી. સુર્ય ગ્રહ નહીં પણ નક્ષત્ર છે, ચન્દ્ર ઉપગ્રહ છે, ગ્રહ નહીં, રાહુ અને કેતુ આકાશમાં સ્થીત પદાર્થો નથી. ચન્દ્રવૃત્ત અને ક્રાન્તીવૃત્ત જે સ્થાને એક બીજાને સ્પર્શ કરતા જણાય છે એ જ રાહુ અને કેતુ તરીકે ઓળખાય છે. જે બીન્દુને સ્પર્શ કરીને ઉત્તરમાં જાય છે તે છે રાહુ અને જે ક્રાન્તીવૃત્તથી દક્ષીણમાં જાય છે તે છે કેતુ. આમ આ ચારેય સુર્ય, ચન્દ્ર, રાહુ અને કેતુ ખગોળશાસ્ત્રની દૃષ્ટીએ ગ્રહો જ નથી. બીજી બાજુ પૃથ્વી એક ગ્રહ છે જે સૌથી વધારે મનુષ્ય જીવનને અસર કરે છે તેનો આ નવ ગ્રહમાં સમાવેશ જ નથી.

(2) આ પૃથ્વીની જેમ સુર્ય, ચન્દ્ર, મંગળ, શની વગેરે ગ્રહો જડ છે. તેમાં જ્ઞાન આદી ગુણો નથી. તાપ, પ્રકાશ અને આકર્ષણ સીવાય તેઓ કંઈ કરી શકતા નથી. સુર્યની દૃષ્ટીએ છગનલાલ અને મગનલાલમાં કોઈ ભેદ નથી. તો પછી આ ગ્રહોચેતન જીવની માફક ગુસ્સે કે પ્રસન્ન થઈને અમુક વ્યક્તીને દુઃખ કે સુખ આપે છે એ વાત કઈ રીત સંભવીત છે?

(3) જન્મપત્રીકામાં સાતમું સ્થાન ભાર્યા એટલે કે પત્ની માટેનું છે. આ સ્થાનમાં આવતા જુદા જુદા ગ્રહોના ફળ જ્યોતીષશાસ્ત્રના ગ્રંથોમાં બતાવેલ છે. હવે હનુમાનજી, ભીષ્મ પીતામહ, આદી શંકરાચાર્ય, દયાનન્દ સરસ્વતી, સ્વામી વીવેકાનન્દ જેવા આજીવન બ્રહ્મચારીઓ કે લગ્ન પુર્વે જ મૃત્યુ પામતા મનુષ્યો માટે આ સાતમાં સ્થાનમાં આવતા ગ્રહોના ફળોનો કયો હેતુ સરે છે?

(4) જન્મકુંડળીના ત્રીજા સ્થાનમાં ભાઈ–બહેનોના સમ્બન્ધ બતાવવામાં આવે છે. પાંચ ભાઈઓ અને પાંચ બહેનો હોય તો એ બધાની જન્મકુંડળીઓમાં ત્રીજા સ્થાનમાં એક સરખા ગ્રહો હોવા જોઈએ. પરન્તુ શું આ સંભવ છે?

(5) જન્મકુંડળીના પ્રથમ સ્થાનમાં બાળકના શરીરના રંગ અર્થાત્ વાન બતાવે છે. સૌ જાણે છે કે ભારતીયો ઘઉંવર્ણા, યુરોપીયનો ગોરા અને હબસીઓ કાળા હોય છે. આ ભેદ ભૌગોલીક પરીસ્થીતીઓને લીધે હોય છે. તો પછી આ પ્રથમ સ્થાનનું પ્રયોજન શું?

(6) જન્મકુંડળી જન્મની ચોક્કસ તારીખ, કલાક અને મીનીટના આધારે બનાવવામાં આવે છે. આશરે એકસો બાળકોનો જન્મ એક જ મીનીટમાં થાય છે, આથી એકસો જન્મકુંડળી એક જ પ્રકારની બને છે. હવે પ્રશ્ન એ છે કે આ બધાના જીવન એક સરખાં જોવા મળે છે? અરે! બે મનુષ્યનાં જીવન પણ તદ્દન એક સરખાં જોવા મળતાં નથી.

(7) જે સમાજોમાં જન્મકુંડળીઓ મેળવીને લગ્ન કરવામાં આવે છે તેમાં શું વીધવા કે વીધુરો નથી જોવા મળતા? પતી–પત્નીમાં શું વીખવાદ જોવામાં નથી આવતો? શું આ લગ્નો નીષ્ફળ નથી જતા? ન્યાયકારી પરમપીતા પરમાત્મા સર્વ જીવોનો કર્મફળ દાતા છે, એ સરળ સત્યમાં આપણને શ્રદ્ધા રતીભાર ન હોવાથી આપણે જ્યોતીષો દ્વારા ઈશ્વરીય ન્યાય વ્યવસ્થામાં ફેરફાર કરવાની નીરર્થક નાસ્તીકતા ભરેલી ચેષ્ટાઓ કરીએ

છીએ. જો કર્મફળ ઈશ્વરને આધીન છે તો પછી કૃત કર્મોનાં સારાં–નરસાં પરીણામોથી બચવું શું સંભવ છે? આજે સમાજમાં જન્મકુંડળી મેળવીને લગ્ન કરવાનું પ્રમાણ વધી રહ્યું છે તો પછી છુટાછેડાનું પ્રમાણ કેમ વધતું જાય છે?

**(8)** રામાયણમાં સીતા–ઉર્મીલા વગેરેનાં અને મહાભારતમાં દ્રૌપદી–રુક્ષમણીનાં લગ્ન જન્મકુંડળી મેળવીને કરવામાં આવેલ હતાં એવો કોઈ ઉલ્લેખ નથી. મનુસ્મૃતીમાં શારીરીક, આત્મીક અને માનસીક ગુણ, કર્મ અને સ્વભાવને આધારે વીવાહ કરવાની સલાહ આપવામાં આવી છે. અહીં જન્મકુંડળી મેળવીને લગ્ન કરવાનો કોઈ ઉલ્લેખ જ નથી. મનુસ્મૃતીના 9/258 થી 9/260 શ્લોકમાં તમને પુત્ર થશે કે ધન પ્રાપ્ત થશે વગેરે માંગલીક વાતો કહીને ધન લુંટનારા, હાથ વગેરે જોઈને ભવીષ્ય બતાવીને ધન ઠગનારા વગેરેને લોકકંટક એટલે કે પ્રજાઓને દુ:ખ આપનાર ચોર કહેવામાં આવેલ છે.

**(9)** જન્મકુંડળીમાં આવેલ રાહુ–કેતુ ગ્રહોની વીપરીત અસરમાંથી મુક્તી મેળવવા કાળસર્પ વીધી કરાવવામાં આવે છે. ખરેખર તો બ્રહ્માંડમાં રાહુ–કેતુ નામના ગ્રહોનું

અસ્તીત્વ જ નથી, એ કાલ્પનીક ગ્રહો છે. તો તે મનુષ્યના કર્મને કેવી રીતે અસર કરે? એ શીક્ષીતોએ વીચારવું જોઈએ.

**(10)** જન્મકુંડળીમાં નવ ગ્રહને બાર સ્થાનમાં વીવીધ રીતે ગોઠવતા વીવીધ પ્રકારની એક કરોડથી વધુ જન્મકુંડળી બની શકતી નથી. દુનીયાની વસતી છ અબજની છે એટલે કે ઓછામાં ઓછા છસો મનુષ્યોની જન્મકુંડળી એક સરખી બને. જ્યારે વાસ્તવીક જગતમાં બે મનુષ્યોનું જીવન પણ એક સરખું હોતું નથી.

**(11)** શરીર અને જીવાત્માનો સંયોગ જન્મ અને વીયોગ મૃત્યુ છે. આથી જન્મનો સાચો સમય બાળક માતાના પેટમાંથી બહાર આવે તે ડીલીવરીનો સમય નહીં પણ નવ માસ અગાઉ કરેલ ગર્ભાધાન છે. શાસ્ત્રકારોએ સોળ સંસ્કારમાં પ્રથમ ત્રણ સંસ્કાર – ગર્ભાધાન, પુસંવન અને સીમન્તોનયનની વ્યવસ્થા ડીલીવરી પહેલા આપી છે. લૌકીક ભાષામાં પણ બાળક જ્યારે માતાના પેટમાં હોય છે ત્યારે તેને આપણે 'બેજીવસોતી' કહીએ છીએ. આથી સાચી જન્મકુંડળી ડીલીવરીના સમયના આધારને બદલે ગર્ભાધાનના સમયના આધારે બનાવવી જોઈએ. બીજું,

ડૉક્ટર દવા કે સીઝેરીઅનના આધારે ડીલીવરીનો સમય વહેલો કે મોડો કરી શકે છે અને તે દ્વારા તમારી જન્મકુંડળીમાં ફેરફાર કરી શકે છે. ત્રીજું, જન્મકુંડળી વર્ષ, માસ, તીથી, કલાક, મીનીટ અને સેકન્ડના આધારે બનાવવામાં આવે છે. બાળકના જન્મનો ચોક્કસ સમય એટલે સેકન્ડ, ડૉક્ટર, નર્સ, દવાખાનાની ઘડીયાળ તથા સગાસમ્બન્ધીની ઘડીયાળ જુદો જુદો બતાવે છે કારણ કે કોઈ ઘડીયાળમાં સેકન્ડ કાંટો મેળવતું જ નથી.

**(12)** લોકોને જે ગ્રહ નડતા હોય તે ગ્રહની વીંટી મન્ત્રાવીને પહેરવાની સલાહ આપવામાં આવે છે. આ વીંટીનો નંગ પાછો આંગળીને અડવો જોઈએ તો જ તેની અસર થાય તથા કાર્ય પુરું થયા પછી આ નંગ નદીમાં પધરાવી દેવાની સલાહ આપવામાં આવે છે. આપણે લોકોને મોટે ભાગે ગ્રહોના નડતર દુર કરવા મન્ત્રાવીને શની, મંગળ, ચન્દ્ર, ગુરુ વગેરે ગ્રહોના નંગની વીંટી પહેરતા જોઈએ છીએ, પણ શુક્રના ગ્રહની વીંટી ભાગ્યે જ પહેરતા જોઈએ છીએ. શુક્રના ગ્રહનો નંગ હીરો છે. આંગળી અડે એવી રીતે હીરાની વીંટી પહેરવી હોય તો આશરે એક બે લાખની કીંમતના હીરાની જરુર પડે અને કાર્ય પુરું થયા પછી આ હીરો પાછો નદીમાં પધરાવી દેવાનો હોય તો આવી

હીરાની વીંટી પહેરવાની કોણ સલાહ આપે? અને કોણ આ સલાહનું પાલન કરે? નંગની કીંમત સાંભળીને જ ગ્રહોનું નડતર દુર થઈ જાય. આજે કેટલાક અસલી હીરાને બદલે નકલી હીરો (અમેરીકન ડાયમંડ) પહેરે છે તે કેવી રીતે લાભ આપી શકે? બીજું ગ્રહો, ગ્રહોના નંગ તથા કર્મ અને કર્મફળને શું સમ્બન્ધ? શું ગ્રહોના નંગ તમારા કર્મ કે કર્મફળમાં સુધારો કરવાની વાત વૈજ્ઞાનીક કે તર્કની દૃષ્ટીએ સંભવીત છે?

**(13)** કમ્પ્યુટરમાં નામ, જન્મ તારીખ, જન્મસમય અને જન્મસ્થળની ડાટા એન્ટ્રી કરવાથી લગ્નજીવન, આરોગ્ય, ધન્ધા–રોજગાર વગેરે જુદા જુદા વીષયો ઉપર ભવીષ્યકથનનો અહેવાલ પ્રાપ્ત થાય છે. સાધારણ રીતે કમ્પ્યુટર ઉપર 15 થી 20 જુદા જુદા વીષય ઉપર ભવીષ્યકથન પ્રાપ્ત થાય છે. આપણે કમ્પ્યુટર પ્રોગ્રામની અન્દર જઈને જોઈશું તો દરેક વીષયોમાં વધુમાં વધુ 200 વીકલ્પો જોવામાં આવશે. ગણીતના નીયમો એટલે કે પરમુટેશન(Permutation) અને કોમ્બીનેશન (Combination)ના આધારે ગણતરી કરીશું તો કમ્પ્યુટરમાંથી ભવીષ્યકથનની 20 લાખથી વધુ વીવીધતા પ્રાપ્ત કરી શકીશું નહીં. આજે દુનીયાની વસ્તી છ

અબજની છે એટલે 3,000 મનુષ્યનું ભવીષ્યકથન એક પ્રકારનું હશે. જ્યારે વાસ્તવીક જીવનમાં તો બે વ્યક્તીનું પણ જીવન એક સરખું હોતું નથી.

**(14)** જન્મકુંડળી, હસ્તરેખા વગેરેના આધારે મનુષ્યના આયુષ્યનું ભાવીકથન કરવામાં આવે છે. બીજું આયુષ્ય નીશ્ચીત છે અને પાંચમની છઠ્ઠ થવાની નથી. વીધીના લેખ કોઈ મેખ કરી શકતું નથી. આ સમ્બન્ધમાં જણાવવાનું કે આયુષ્ય નક્કી હોય અને વીધીના લેખ કોઈ મેખ કરી શકતું ન હોય તો વેદાદી ધર્મશાસ્ત્રોની 'શતમ્ જીવેમ શરદઃ', 'સો વર્ષ જીવો' વગેરે પ્રાર્થનાઓ તથા આયુર્વેદ શાસ્ત્રનો કોઈ અર્થ રહેતો નથી. આયુષ્યને નીશ્ચીત માનનારે મૃત્યુના ભયથી બચવા ઈશ્વરને પ્રાર્થના કે ડૉક્ટરને શરણે ન જવું જોઈએ. આ છતાં વ્યવહારમાં બધાં જ મૃત્યુમાંથી બચવા પુરુષાર્થ કરે છે. આજ સીદ્ધ કરે છે કે તેઓનો અન્તરાત્મા આયુષ્યને નીશ્ચીત માનતો નથી.

**(15)** નવ ગ્રહો માટે જે વેદમન્ત્રો બતાવવામાં આવે છે તેનો સાચો અર્થ જોતાં સમજાય છે કે તેને ગ્રહ સાથે સહેજ

પણ સમ્બન્ધ નથી. તો પછી તેના જપ દ્વારા ગ્રહશાંતીની વાત કેવી રીતે સંભવીત બની શકે?

શની માટે નીચેનો વેદમન્ત્ર બતાવવામાં આવે છે.

શન્નો દેવીરભીષ્ટય આપો ભવન્તુ પીતયે ।
શંયોરભી સ્રવન્તુ નઃ ॥

–યજુર્વેદ, 36/12

અર્થાત્ ઈશ્વર બધાને પ્રકાશ અને આનન્દ આપનાર તથા સર્વવ્યાપક છે, તે ઈષ્ટ આનન્દ અને પરમાનન્દની પ્રાપ્તી માટે તથા અમને સુખી કરવાને માટે કલ્યાણકારી થાવ. તે ઈશ્વર અમારી ઉપર ચારે બાજુએથી સુખની વર્ષા કરો.

આ મન્ત્રમાં 'શની' શબ્દનું નામ નીશાન નથી. પણ શં અને નઃ બે જુદા જુદા શબ્દો જોઈને શનીના ગ્રહની કલ્પના કરી લેવામાં આવી છે.

આવી જ રીતે નવ ગ્રહોના વેદમન્ત્રોને નવ ગ્રહ સાથે કોઈ સમ્બન્ધ નથી. આ નવ ગ્રહોના વેદમન્ત્રોની સમીક્ષા મહર્ષી દયાનન્દ સરસ્વતી રચીત 'ઋગ્વેદાદી ભાષ્ય ભુમીકા'માં આપી છે જે જીજ્ઞાસુને જોવા સલાહ છે.

**(16)** ગ્રહોની વીપરીત અસરમાંથી મુક્ત થવા લોકો બ્રાહ્મણ પાસે પૈસા આપીને મન્ત્રજાપ કરાવે છે. ધર્મશાસ્ત્રમાં મન્ત્રનો અર્થ વીચારધારા અને જપનો અર્થ તે વીચારધારાનું ચીન્તન કરી તેનો જીવનમાં અમલ કરવાનો છે. પોપટ રટણની જેમ મન્ત્રજાપ કરવાથી મનની એકાગ્રતા અને શાન્તી જપ કરનારને થાય છે; પણ તે માટે પૈસા આપનારને આ લાભ મળતો નથી. આથી નાણાંને જોરે બીજા પાસે જાપ કરાવવાથી દુઃખ કેવી રીતે દુર થઈ શકે ? તે વીવેકબુદ્ધી ધરાવનારાએ વીચારવું જોઈએ.

**(17)** સમાચારપત્રોમાં રાશીવાર ભવીષ્યવાણીઓ પ્રસીદ્ધ કરવામાં આવે છે. રામ અને રાવણ તથા કૃષ્ણ અને કંસની એક જ રાશી હતી. તેમ છતાં ઈતીહાસની એક જ ક્ષણે એકનો વીજય અને બીજાનો પરાજય થયો. લવ અને કુશ જોડકા ભાઈઓ હતા, આથી તેમની એક જ રાશી હોવી જોઈએ; પણ તેઓનાં નામ ક્રમશઃ મેષ અને મીથુન રાશીનાં છે. આ જ સીદ્ધ કરે છે કે રામાયણકાળમાં રાશી આધારીત નામો રાખવાની પરીપાટી ન હતી. જુદાં જુદાં સમાચારપત્રો કે સામયીકોમાં પ્રસીદ્ધ થતા એક જ સમયના રાશીવાર ભવીષ્યનું તુલનાત્મક અધ્યયન કરવામાં આવે તો, તેમાં સ્પષ્ટપણે વીરોધાભાસ જણાશે.

તા. 26મી જાન્યુઆરી, 2001ના રોજ ભુજ–કચ્છમાં થયેલા ધરતીકમ્પમાં મૃત્યુ પામેલા, ઈજાગ્રસ્તો કે મકાન–રોજગારી ગુમાવનાર વ્યક્તીઓની યાદીનું અવલોકન કરશો તો તેમાં બારેય રાશીઓની વ્યક્તીઓ જોવામાં આવશે.

**(18)** લોકસભાની ચુંટણી પહેલાં શ્રી. નરસીંહરાવ કે શ્રી. દેવગોવડા ભારતના વડાપ્રધાન બનશે એવી રાજકીય આગાહી કોઈ રાજકીય જ્યોતીષે કરી ન હતી; કારણ કે તેઓ લોકસભાની ચુંટણીમાં ઉભા ન હતા તથા વડા પ્રધાનના દાવેદાર ઉમેદવારમાં તેમના નામની ગણતરી જ ન હતી! આમ છતાં તેઓ ભારતના વડાપ્રધાન થયા હતા.

**(19)** હસ્તરેખામાં પતી અને પત્નીની સન્તાનરેખા એક જ સરખી હોવી જોઈએ. પત્નીના હાથમાં ચાર સન્તાન અને પતીના હાથમાં ત્રણ કે પાંચ સન્તાનની રેખા હોય તો તેનો અર્થ શો? સમાજમાં કંઈ બધા મનુષ્યો વ્યભીચારી નથી.

**(20)** આજકાલ તો કુટુમ્બનીયોજન દ્વારા સન્તાનોની સંખ્યા અંગેની ભવીષ્યવાણી નીષ્ફળ બનાવવી સહજ થઈ ગઈ છે.

**(21)** ચુંટણીમાં બધા જ ઉમેદવારો શ્રેષ્ઠ મુહુર્ત જોઈને જ પોતાની ઉમેદવારી નોંધાવે છે; પણ ચુંટણીમાં એક જ ઉમેદવાર જીતે છે અને બાકીના બધા પરાજીત થાય છે!

**(22)** ફલીત જ્યોતીષ પ્રમાણે એવી માન્યતા છે કે મુળ નક્ષત્રમાં જન્મેલું બાળક, કુળનું નીકન્દન કાઢી નાખે છે. રામચરીતમાનસના રચયીતા ગોસ્વામી તુલસીદાસજીનો જન્મ મુળ નક્ષત્રમાં થયો હતો. તેઓએ પોતાના કુળનું નામ દીપાવ્યું કે ડુબાડ્યું?

**(23)** વાસ્તુશાસ્ત્ર મુજબ ધન્ધો કે ઘરમાં નીષ્ફળતા કે હાની માટે ઓરડાની દીવાલ, પ્રવેશદ્વાર, દાદર કે રસોડાની દીશાઓને જવાબદાર માનવામાં આવે છે અને તેમાંથી મુક્તી મેળવવા હજારો રુપીયા ખર્ચ કરી તેની દીશા ફેરવાવી, પુજા–વીધી કરાવવામાં આવે છે. નવા મકાન કે કારખાના નીર્માણ વખતે વાસ્તુશાસ્ત્રીની સલાહ લઈને દીવાલ, દાદર, પ્રવેશદ્વાર કે રસોડાની દીશાઓ નક્કી કરવામાં આવે છે. આ સન્દર્ભમાં જણાવવાનું કે ૠગ્વેદના સાતમા મંડળના 54 અને 55 તથા અથર્વવેદના નવમા મંડળના સાતમા સુક્તમાં ભવનનીર્માણ અંગેનો ઉપદેશ છે. દયાનન્દ સરસ્વતીએ સંસ્કારવીધીમાં ગૃહનીર્માણ અને

ગૃહપ્રવેશ વીધીમાં વેદ અને પારસ્કર ગુહ્યસુત્રોના મન્ત્રો ઉદ્ ધૃત કરીને પ્રવેશદ્વાર, બારી–બારણાંની દીશાઓ તથા જુદી જુદી કામગીરી માટે જુદા જુદા ઓરડાઓ રાખવા અંગે, હવાની અવરજવર અને સુર્યપ્રકાશને ધ્યાનમાં રાખીને માર્ગદર્શન આપવામાં આવેલું, જેથી ભવનની મજબુતાઈ અને ગૃહસ્થીઓની તન્દુરસ્તી સારી રીતે જળવાય. બીજું, મનુષ્યનાં સુખ–દુ:ખનો આધાર તેમનું કર્મ છે, મકાનની દીવાલ, પ્રવેશદ્વાર કે રસોડાની દીશા નહીં.

**(24)** કેટલાક અધીકારીઓ બદલી, બઢતી કે તપાસની કાર્યવાહીમાંથી નીર્દોષ બચવા જ્યોતીષના શરણે જાય છે. તેઓની સુચના મુજબ પોતાના ટેબલ–ખુરશીની દીશામાં પરીવર્તન કરે છે. વહીવટી દષ્ટીએ મુલાકાતીઓ સામેથી પ્રવેશ કરે તે શ્રેષ્ઠ બેઠકવ્યવસ્થા છે. આમ છતાં કોઈવાર અધીકારીઓ જ્યોતીષીની સલાહ મુજબ પીઠ પાછળથી મુલાકાતીઓ પ્રવેશે એવી બેઠકવ્યવસ્થા રાખે છે. ખરેખર તો વહીવટની સફળતાનો આધાર કાર્યક્ષમતા અને નીષ્પક્ષતા છે, ટેબલ–ખુરશીની દીશા નહીં.

**(25)** જ્ઞાની લોકો વૈદકશાસ્ત્ર અને પદાર્થવીજ્ઞાનના સત્ય જ્ઞાનના અભાવે સન્નીપાત, જ્વર, વગેરે શારીરીક અને ઉન્માદ જેવા માનસરોગોને ભુત–પ્રેતની અસર માની તેના નીવારણ માટે ભુવા–તાન્ત્રીકના શરણે જાય છે. ખરેખર તો આ દુનીયામાં ભુત–પ્રેત નામની યોની જ અસ્તીત્વમાં નથી! જીવાત્મા પોતાનાં કર્મ મુજબ પુનર્જન્મ કે મુક્તી તરત જ મેળવતો હોવાથી તેને ભટકવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થીત થતો નથી.

**(26)** મનુષ્ય રોગ દુર કરવા, દેવામાંથી મુક્ત થવા, રોજગારી બદલી કે બઢતી મેળવવા, ચોરાયેલી કે ખોવાયેલી વસ્તુઓ પરત મેળવવા, સગપણ–લગ્ન જલદી થાય વગેરે માટે વીવીધ પ્રકારની બાધા–માનતાઓ–વ્રત રાખે છે અથવા મન્ત્રેલું પાણી, ભસ્મ, માંદળીયાંનો ઉપયોગ કરે છે. આ સન્દર્ભમાં રામાયણ આપણને આદર્શ માર્ગદર્શન આપે છે. શ્રીરામે સ્વયંવરમાં સીતાને પ્રાપ્ત કરવા કે સીતાજીને શોધવા પુરુષાર્થ કરેલો; પણ કોઈ બાધા–માનતા કે વ્રત રાખેલાં નહોતાં તથા કોઈ જ્યોતીષીનો સમ્પર્ક પણ સાધેલો નહીં. બીજું, લક્ષ્મણની મુર્છા દુર કરવા મન્ત્રેલું પાણી, માંદળીયાં કે બાધા–માનતા–વ્રત રાખવાને બદલે વૈદ્યરાજને બોલાવી તેની સારવાર કરી હતી.

(27) આપણે લગ્ન વગેરે શુભપ્રસંગો મુહુર્ત જોવડાવીને રાખીએ છીએ. લગ્નની મોસમમાં ઉત્તમ મુહુર્તના દીવસે ગાડી–બસમાં અતીભીડ, વાડી, ગોરમહારાજ કે રસોયાની અછત વગેરેનો અનુભવ કરીએ છીએ. ખરેખર તો મુહુર્ત સમયના માપનું એક સાધન છે. એક દીવસમાં 30 મુહુર્ત આવે છે. એટલે એક મુહુર્તનો સમય 48 મીનીટનો છે. શુક્રનીતીમાં રાજાની દીનચર્યાના વર્ણનમાં મુહુર્તનો, સમયના એક માપ તરીકે ઉલ્લેખ છે. કાળ(સમય) જડ, નીષ્ક્રીય અને નીત્ય છે. તે અનન્ત, અનાદી સર્વત્ર અને સર્વદા એક સમાન જ રહે છે. કોઈ કાર્યની સફળતા કે નીષ્ફળતા માટે તે નીમીત્ત નથી. નીતીકારોએ સ્પષ્ટ ઘોષણા કરી છે – 'શુભસ્ય શીઘ્રમ્' (શુભકાર્ય તરત કરો) અને 'આલસ્યાદમૃતં વીષમ્' (ઢીલ કરવામાં અમૃત પણ ઝેર બને છે).

(28) પીતૃઓના ઉદ્ધાર માટે લાખ–બે લાખ રુપીયાનો ખર્ચ કરી ભાગવત સપ્તાહ બેસાડવામાં આવે છે અને તેમાં સગા–સમ્બન્ધી, મીત્રોને આમન્ત્રણ આપવામાં આવે છે. ઈશ્વરી ન્યાયવ્યવસ્થા અને કર્મના સીદ્ધાન્ત મુજબ, મૃત્યુ પામેલા દરેક પીતૃઓ એટલે કે વડીલોને, તેમના કર્મ મુજબ પુનર્જન્મ કે મુક્તી તરત જ મળે છે. આથી ભાગવત

સપ્તાહ દ્વારા મૃત્યુ પામેલ પીતૃઓનો ઉદ્ધાર કેવી રીતે સંભવીત થઈ શકે? આવી જ રીતે પૈસાના જોરે મુક્તી મળતી હોય તો ધનવાનોના પીતૃઓ સ્વર્ગમાં જાય અને ગરીબોના પીતૃઓ નરકમાં અટવાયા કરે!

**(29)** યુવાન પુત્રનું અવસાન થાય તો તેના ઉદ્ધાર માટે અને તે વડીલોને નડતરરુપ ન થાય એ હેતુથી લીલ પરણાવવાની વીધી કરવામાં આવે છે. આ લીલમાં ગાય–વાછરડાને પરણાવવાની વીધી કરવામાં આવે છે. આ વીધીનો મુખ્ય હેતુ અવસાન પામેલા પુત્રની લગ્નની અભીલાષા પુરી કરવાનો છે, જેથી તેના આત્માની તૃપ્તી થાય. કર્મના સીદ્ધાન્ત સાથે આ વીધી સુસંગત નથી; કારણ કે મૃત્યુ પામેલા યુવાનને તો તેના કર્મ મુજબ બીજો જન્મ મળી ગયો છે. બીજું, મા–બાપના ભવીષ્યના આધાર સ્તમ્ભે આ દુનીયામાંથી વીદાય લીધી હોય તે સમયે લીલ પરણાવવાની વીધી દ્વારા તેની ઉપર બીજો આર્થીક બોજો નાખવો કેટલો વાજબી છે? ત્રીજું, ઘણી વખત અવસાન પામેલા યુવકની ઈચ્છા ઉચ્ચ અભ્યાસની હોય, લગ્નની નહીં; તેને માટે ગાય–વાછરડાનાં લગ્નના નાટકને બદલે અભ્યાસનું નાટક વધુ વાજબી છે. ચોથું, ગાય અને વાછરડાનો સમ્બન્ધ મા–દીકરાનો છે જે સમાજમાં સૌથી

પવીત્ર સમ્બન્ધ છે; તેને પરણાવવાનું નાટક કેટલું ઉચીત છે?

**(30)** ઘણી વખત પીતૃઓની અતૃપ્તી કે નડતરને દુઃખનું કારણ માનવામાં આવે છે અને તેના નીવારણ માટે નારાયણબલીનો વીધી કરવામાં આવે છે. છોરું કછોરું થાય; પણ માવતર કમાવતર ન થાય. જે પીતૃઓ અગાઉ અવસાન પામ્યા છે, તે પોતાના કર્મ અને ઈશ્વરી ન્યાયવ્યવસ્થા મુજબ બીજો જન્મ કે મુક્તી પામ્યા હશે જ. આથી તેઓ પોતાનાં સન્તાનને નડતરરુપ થાય તે વાત ધર્મશાસ્ત્ર કે તર્કના આધારે સંભવીત નથી. મહર્ષી દયાનન્દ સરસ્વતીએ જન્મપત્રીકા, ભુત–પ્રેત, મુહુર્ત વગેરે અન્ધશ્રદ્ધા અંગે સત્યાર્થ પ્રકાશના બીજા અને અગીયારમાં સમુલ્લાસમાં સ્પષ્ટ માર્ગદર્શન આપેલ છે, જેનું જીજ્ઞાસુઓએ અધ્યયન કરવું.

નાના નાના મચ્છરો કરતાં જંગલી વાઘ–સીંહ ભયંકર પ્રાણીઓ છે અને મનુષ્યો તેનાથી વધુ ડરે છે. પણ વાઘ–સીંહથી મરનારની સંખ્યા નહીંવત્ હોય છે; જ્યારે નાનકડા મચ્છરોથી ફેલાતા મલેરીયાથી વધુ મનુષ્યો મૃત્યુને ભેટે છે. આવી જ રીતે ફલીત જ્યોતીષ, પીતૃદોષ, ભુત–પ્રેત વગેરે નાનકડી અન્ધશ્રદ્ધા

જણાય છે; પણ ઉંડાણપુર્વક ચીન્તન–મનન કરીશું તો સમજાશે કે આ અન્ધશ્રદ્ધા શારીરીક, આર્થીક, સામાજીક કે રાષ્ટ્રીય રીતે વ્યક્તી અને સમાજને અતીનુકસાનકર્તા છે. આજે તો આ અન્ધશ્રદ્ધાને વૈજ્ઞાનીકતાનો ઓપ આપી એનો બચાવ કરવામાં આવે છે! આશ્ચર્ય તો એ વાતનું છે કે મોટા ભાગના ધર્માચાર્યો અને ધર્મધુરન્ધરો આ ફલીત જ્યોતીષ, પીતૃદોષ કે ભુત–પ્રેતની અન્ધશ્રદ્ધા નીવારણ માટે કોઈ વીશેષ પ્રયત્ન જ કરતા નથી!

છેલ્લે, શીક્ષીત અને આર્થીક રીતે સમૃદ્ધ મીત્રોને વીનન્તી છે કે, પોતાની શક્તી મુજબ ઉપર્યુક્ત અન્ધશ્રદ્ધા નીવારણ માટે પ્રયત્ન કરે.

આ નાનકડી પુસ્તીકા પ્રકાશનનો કૉપી રાઈટ જનતા જનાર્દનને આપવામાં પણ આવે છે. કોઈપણ વ્યક્તી કે સંસ્થા આ પુસ્તીકાને છપાવી કે ઝેરોક્ષ કરાવી તેનું વીતરણ કરી શકે છે.





સ્વામી પ્રેમાનંદને સાથે લઈને સ્વામીજી બેલુર બજાર સુધી ફરવા ગયા. એમણે અનેક વિષયો ઉપર રસભરી ચર્ચા કરી. ખાસ કરીને તો એમણે મઠમાં એક વૈદિક કોલેજ સ્થાપવાની યોજના વિશે વાત કરી હતી. એમના વિચારોને વધુ સ્પષ્ટ રીતે સમજવાના આશયથી પ્રેમાનંદે પૂછ્યું :'સ્વામીજી ! વેદોનો અભ્યાસ શું કામ આવવાનો છે?' આ સાંભળીને એમણે ઉત્તર આપ્યો. ''એથી અંધ રૂઢિઓ ઊખડી જશે ! થોડીવાર ફરીને સ્વામીજી મઠમાં પાછા ફર્યા અને સંન્યાસીઓ સાથે વાતોએ વળગ્યા. એ લોકોને શી ખબર કે તેમનો આ છેલ્લો વાર્તાલાપ છે.

- સામી વિવિકાનંદ જીવન ચરિત્ર -પ્રકરણ૩૭ 'મહાસમાધિ' પૃષ્ઠ ૩૮૫-૩૮૬

## આર્યસમાજ, ભરૂચની
## અગત્યની પ્રવૃતિઓ

વિવિધ આર્યસમાજો અને ધર્મ પ્રેમી પ્રજાના સહયોગથી છેલ્લા ૧૨ વર્ષમાં અમોએ ઉચ્ચકક્ષાના વૈદિક વિચારોનું જ્ઞાન પીરસતા અને સમાજને અંધશ્રદ્ધામાંથી મુકત થવાની પ્રેરણા આપતા ૬૬ પુસ્તકો તથા ૬,૬૬,000 પ્રત પ્રકાશિત કરી શકયા છીએ.

આ ‘દુઃખ નિવારણના ભ્રામક ઉપાયો’ ની નાનકડી પુસ્તિકાની અમે ૧,00,000 પ્રત પ્રકાશિત કરી છે.

### :: આમંત્રણ ::

આર્યસમાજ, નવાડેરા, ભરુચ ખાતે દર રવિવારે સવારના ૯.30 થી ૧0.30 દરમ્યાન યજ્ઞ, વેદ પ્રવચન, ભજન તથા શંકા -સમાધાન થાય છે. તેનો લાભ લેવા વિનંતી.